# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સ્કૂલ્સના વિદ્યાર્થીઓ માટે સેવાકાર્યનું આયોજન





ગાંધીનગર, તા. ૪

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાની બે સ્કૂલ્સના વિદ્યાર્થીઓ માટે સેવાકાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. ભેટાલી આશ્રમ શાળાના તમામ વિદ્યાર્થીઓને ગણવેશ આપવામાં આવ્યો હતો. ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓને પેન્સિલ, રબર, બિસ્કીટનાં પેકેટ અને ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓને બબ્બે બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભેટાલી પ્રાથમિક શાળાને પણ આ સેવાકાર્યમાં આવરી લેવામાં આવી હતી. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં વિરલ, સંગીત, મિલિન્દભાઈ, ગામેતીભાઈ તથા યોગેશભાઈ જોડાયા હતા.

## જન્મદિને વધામણી



નિકેશ બ્રહ્મભટ્ટ
પત્રકાર
ગાંધીનગર સમાચાર
મો. ૯૯૧૩૦ ૯૮૬૨૦



એસ એસ પટેલ



હેનિલ આર ગજ્જર
મો. ૯૯૭૮૯ ૩૧૩૧૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તોના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# રેડિયન્ટ સ્કૂલમાં 'શુભેચ્છા સમારોહ' તથા 'ઈનામ વિતરણ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા. ૪

સરગાસણના ટી.પી.નં. ૯ વિસ્તાર સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં ૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્તીઓ માટેનો 'શુભેચ્છા સમારોહ' યોજાયો હતો. ૭મી માર્ચથી શરુ થતી બોર્ડની પરીક્ષા પૂર્વે વિદ્યાર્થીઓને પરીક્ષા માટે શુભકામનાઓ પાઠવતા, વિદ્યાર્થીઓના મનમાં રહેલ પરીક્ષાનો ડર દૂર કરવા, પરીક્ષા એ જીવનનો અંતિમ પડાવ નહીં પણ શાળાકીય શિક્ષણનું એક માપદંડ છે.



એ બાબત સમજાવી વિદ્યાર્થીઓના માનસપટ પર હકારાત્મક ઊર્જા પ્રતિપાદિત કરવાના શુભ આશય સાથે શાળા-મેનેજમેન્ટે ૨૮મી ફેબ્રુઆરીના રોજ માર્ચ-૨૦૧૯ની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થનાર તમામ વિદ્યાર્થીઓ માટે 'શુભેચ્છા સમારોહ' નું સુંદર આયોજન કર્યું હતું.

જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા કાર્યક્રમને અનુરુપ વકતવ્ય રજૂ કરવામાં આવ્યા હતા. બનાવવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક રમતોત્સવમાં ધોરણ-૯ થી ૧૨ના વિજેતા વિદ્યાર્થીઓને મેડલ્સ અને સર્ટીફિકેટ પણ એનાયત કરવામાં આવ્યા. સંસ્થાના મેનેજિંગ ડાયરેકટર કમ પ્રિન્સિપાલ જી.ટી. શનિયારા સર તથા કેમ્પસ ડાયરેકટર કમ પ્રિન્સિપાલ જે.બી. વામજા સરે તમામ વિદ્યાર્થીઓને



ઉપરાંત તેમણે વર્ષ દરમિયાન થયેલ પોતાના અનભવો વ્યક્ત કર્યા હતા. આ દિવસને વધુ યાદગાર પરીક્ષા માટે શુભકામનાઓ પાઠવી હતી. અંતમાં કલાસ ગ્રુપ ફોટોસેશન બાદ સો છૂટા પડ્યા હતા.

# નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવ્યો




ગાંધીનગર, તા. ૪

નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વૈજ્ઞાનિકોને યાદ કરી તેમની જન્મતિથિ ઉજવવાનો ઉપક્રમ પણ આ કાર્યક્રમોમાં સામેલ છે. આ ક્રમમાં મહાન વિજ્ઞાની સી વી રામને કરેલી રામન કિરણોની શોધ અને તેમને મળેલા નૉબેલ પારિતોષિકની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિસર્ગ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

આ વર્ષે ઉજવણીની થીમ 'સાયન્સ ફોર ધી પીપલ એન્ડ પીપલ ફોર ધી સાયન્સ' રાખવામાં આવી હતી. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના ઉપક્રમે આ ઉજવણીના ભાગરૂપે શેઠ શ્રી એચ એમ હાઈસ્કૂલ, સોજા, તા. કલોલ ખાતે વિદ્યાર્તીઓ માટે પોપ્યુલર લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ફ્યુચર ટેકનોલોજી' વિષયે આ નિસર્ગ સેન્ટરના મેનજિંગ ટ્રસ્ટી ડૉ. અનીલભાઈ પટેલે વક્તવ્ય આપ્યું હતું. શાળાના ઉત્સાહી વિજ્ઞાન શિક્ષક રાકેશભાઈ પ્રજાપતિએ વિદ્યાર્થીઓને ડૉ. સી વી રામન અને તેમણે કરેલી શોધો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ૨૧૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરની કલ્યાણજીનું પરૂ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફન વિથ કેમેસ્ટ્રી કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. નિસર્ગ સેન્ટરના સંયોજક હાર્દિક મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને રસાયણ વિજ્ઞાનના રસપ્રદ પ્રયોગો નિદર્શિત કરવામાં આવ્યા હતા અને આ પ્રયોગ દરમિયાન થતી રાસાયણિક પ્રક્રિયાઓની સમજ આપવામાં આવી હતી. શાળાના આચાર્ય વિનુભાઈ પટેલ, શિક્ષકો તથા ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આ રોમાંચક કાર્યક્રમનો લાભ લીધો હતો.

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સના ટી.વાય.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ

ગાંધીનગર,તા. ૪

ગાંધીનગર માણસા હાઈવે પર આવેલા 'બાપુ ગુજરાત નૉલેજ વિલેજ' કેમ્પસની સંલગ્ન સંસ્થા 'શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઑફ સાયન્સ એન્ડ કોમર્સના ટી.વાય. બી.એસ.સી. તથા બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તા. ૨જી માર્ચ, ૨૦૧૯ના રોજ યોજાયો હતો.




આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલ, ટ્રસ્ટી ભરતસિંહ સોલંકી, કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. આકાશ પટેલ હાજર રહ્યા હતા. જયારે અતિથિ વિશેષ તરીકે સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. રિતુ મેડમ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાએ પોતાના વકતવ્યમાં સંસ્થામાં ભણતા ટી.વાય.ના વિદ્યાર્થીઓની ઉત્તરોત્તર પ્રગતિના આર્શીવચન પાઠવતા જણાવ્યું હતું કે સંસ્થાની સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજનાં ત્રણ વર્ષનાં અભ્યાસક્રમથી શિખેલા જ્ઞાન અને શૈક્ષણિક સહ શૈક્ષણિક આવડતો સમાજલક્ષી કાર્યો માટે ઉપયોગ થાય.

કાર્યક્રમમાં અંતમાં એફ.વાય. એન્ડ એસ.વાય.ના વિદ્યાર્થીઓએ ટી.વાય.માં ભણતા વિદ્યાર્થીઓ માટે ગીત તથા નૃત્ય રજૂ કરી વિદાયના કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. ટી.વાય.ના વિદ્યાર્થીઓએ પોતે અનુભવેલા સારા નરસા સ્મરણોને પ્રતિભાવ સ્વરુપે રજૂ કર્યાહતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એફ.વાય. અને એસ.વાય.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્ટાફ માર્ગદર્શન હેઠળ સુવ્યવસ્થિત આયોજનથી કર્યું હતું. કાર્યક્રમનાં અંતમાં સુરુચિ ભોજન કરી વિદ્યાર્થીઓ એ ત્રણ વર્ષના અનુભવોને વાગોળ્યા હતા.

### ધો.૧૦માં આ વખતે ૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

# ૭ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા, મુખ્યમંત્રી કાર્યાલયથી થશે મોનિટરિંગ

ગાંધીનગર,તા.૪

આગામી ૭ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા શરૂ થવા જઈ રહી છે. જેનું સીધું મોનિટરિંગ મુખ્યમંત્રી કાર્યાલય પરથી કરવામાં આવશે. આ સાથે-સાથે સીસીટીવી દ્વારા પણ દરેક પરીક્ષાર્થી પર નજર રાખવામાં આવશે. જેથી કરીને પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થઈ શકે. એટલું જ નહીં પરંતુ આ વખતે દરેક પેપર વચ્ચે એક-એક દિવસની રજા પણ રાખવામાં આવી છે. જેથી કરીને વિદ્યાર્થીઓને તૈયારીનો સમય મળી રહે.


ઉલ્લેખનીય છે કે, ધોરણ-૧૦માં આ વખતે ૧૧ લાખ ૫૯ હજાર ૭૬૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જઈ રહ્યા છે. જેમાં ૭ લાખ ૫ હજાર ૪૬૫ વિદ્યાર્થીઓ અને ૪ લાખ ૫૪ હજાર ૨૯૭ વિદ્યાર્થીનીઓ પરીક્ષા આપશે. આ વખતે ધોરણ ૧૦માં ૬ હજાર ૨૨૨ દિવ્યાંગ વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપવાના છે.

જ્યારે ધોરણ ૧૨માંઆ વખતે ૬ લાખ ૮૦હજાર ૩૦૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જેમાં ધોરણ ૧૨ સાયન્સમાં ૧ લાખ ૪૭હજાર ૩૦૨ વિદ્યાર્થીઓ અને સામાન્ય પ્રવાહમાં ૫ લાખ ૩૩હજાર ૬૨૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

સૌથી મહત્વની બાબત તો એ છે કે, તમામ પરીક્ષા કેન્દ્રો પર CCTVથી બાજ નજર રાખવામાં આવશે અને જો ચાલુ પરીક્ષામાં કોઈપણ પરીક્ષા કેન્દ્રના CCTV કેમેરામાં ખામી જણાશે તે તેના માટે જવાબદાર લોકો સામે શિક્ષાત્મક પગલા પણ ભરવામાં આવશે.

# મોરારિબાપુ : બ્રહ્મત્વનો બ્રહ્માંડી તેજપુંજ

## (મોરારિબાપુની જન્મતિથિ મહાશિવરાત્રી એ તેમના જીવનની વણકહી વાતોની ભાવ વંદના)



રામકથા માંસપેશીઓમાં ઉતરી ગઈ છે .તેવા સંતત્વના શિખર મોરારી બાપુનો જન્મ સરકારી નોંધણીમાં ૨૫ -૯ -૧૯૪૬ ભલે હોય. પરંતુ તે વાસ્તવમાં તિથી અનુસાર મહા વદ ચૌદશ સવંત ૨૦૦૨ મહાશિવરાત્રીનો પાવન દિવસ છે હિંદુ ધર્મ મહાશિવરાત્રીને મહાત્યાગી મહાદેવના પાતાળમાંથી આગમન તરીકે જાણે છે ત્યારે તે જ દિવસે વીશમાં શતકના માનવ ઉત્થાનના મંગલ અવતરણ તરીકે મહાવિભૂતિ મોરારી બાપુનો પરિચય કરે છે.

માનસની ચોપાઈઓ ૧૪ વર્ષની ઉંમરથી બાપુની જીવની બની ગઈ. આપના દાદા પૂજ્ય ત્રિભુવનદાસ બાપુ ના પ્રેમાળ અનુગ્રહથી રામનામ મંગલગાન થી મિમાસા સુધીનો પંથ સરળતાથી,સહજતાથી ક્યારે કપાઈ ગયો, તેનો ખ્યાલ જ ન રહ્યો. સને ૧૯૬૦ની પૈત્રિક ગામ તલગાજરડા ની પહેલી માસ પારાયણથી ૮૨૪ મી અમદાવાદની માનસ નવજીવન યાત્રામાં નવોન્મેષી આયામો સર થઈ અગણિતોના નવજીવન બક્ષવામાં આપનું યોગદાન અમૂલ્ય છે.

કથા સ્થાને વ્યાસપીઠ પાછળ શ્રી હનુમાનજી સ્થાપિત હોય વ્યાસપીઠ ની રચના એવી કે શ્રી હનુમાનજીની ગોદમાં મોરારીબાપુ બિરાજીત હોય તેમ લાગે. તેઓ કથાગાન કરવાનો ઉમળકો અંતિમ શ્વાસ સુધી હોવાનું જણાવી ચૂક્યા છા. કથા હંમેશા શનિવારથી આરંભાઈ, રવિવારે વિરામ પામે. કવચિત જ તેમાં અપવાદ હોય. કથા સમયમાં સ્થળ, ઋતુ અનુસાર લચીલાપણું હોય. પરંતુ વ્યાસ પીઠક્યારેય સમાપ્તિ સુધી છોડવાની નહીં. સવારથી બપોર સુધીમાં ખાનપાનનો સંપૂર્ણ ત્યાગ તેને એક સાધના તરીકે જોઈ શકાય.વિશ્વભરમાં યોજાઈ રહેલી આપની એક એક કથા નવેયરસોમા રમતી, રંગદોળાતી દર્શિત થાય છે. સીધુ પ્રસારણ આસ્થા ચેનલમાં થાય તેથી આપ સમયપાલનના ચુસ્ત આગ્રહી રહ્યા છો.સામાજિક ,ધાર્મિક સમારોહમાં પણ બાપુ ઘડિયાળના કાંટા થી જરાય આઘાપાછા થતા નથી. કથાના વિરામ પછી બાપુ સીધી તલગાજરડા ની વાટ પકડે. ભલેને યુએસની ૧૮ કલાકની મુસાફરી હોય અને પછી પુનઃ યૂરોપના દેશોમાં જવાનું હોય તો પણ તલગાજરડા આવીને પછી જ જવાનું કહ્યું. ક્યાય રોકાણ નહીં .કથા થકી શિક્ષણ, આરોગ્ય, રાષ્ટ્ર કલ્યાણ ,ધર્મ , કુદરતી આફતો વગેરે વિષયોને કેન્દ્રિત કરીને અબજોની વિતજા સેવા કરી છે.તો પણ તેનું શ્રેય ક્યારેય આપે લીધું નથી,પરમાત્માને જ પ્રમુખ ગણ્યા છે. એટલું જ નહીં પોતે કે પોતાના પરિવારના કોઈ સભ્યો તેના વહીવટમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા રહેતા નથી. કેવોઆચાર !! હા તેનો સમય મુજબ ઉપયોગ થઈ જાય તેની કાળજી જરૂર લેવામાં આવે છે સેક્સ વર્કર, કિન્નર ,વિચરતી જાતિ, સરદારને શૌચાલય માટે આપે કથા ગાન કરીને રચનાત્મકતા ની એક નવી પહેલ પણ કરી છે .

મોરારીબાપુ ના જીવન પર ગાંધી મુલ્યો, આદર્શો સતત દેખા દે છે .ખાદી પહેરવી , શ્ર્વેત વસ્ત્રો ની સાદગી, રાષ્ટ્રધર્મ સત્યપાલન વગેરેના આપ પાલક - પોષક રહ્યા છો.શ્વેત ઝભ્ભો, ધોતી અને કાળી કામળી બાપુની 'આઇડેન્ટિટી' બની ગઈ છે. ચાં, ભજિયાનો સ્વાદ ગમે પણ તેનું 'એડિકશન' આપને બાંધી શક્યું નથી .વચન પ્રતિબદ્ધતા આપના જીવનમાં સતત બીબીત થાય છે. નિયતકરેલ કાર્યક્રમ ક્યારેય અધૂરો છોડ્યો નથી .આપ હંમેશા કહેતા આવ્યા છો ,'કે હું કોઈનું ગુરુ નથી મારો કોઈ ચેલો નથી. મારો કોઈ ફોલોવર્સ નથી. આ આખી માનવજાત ને હું મારા ફ્લાવર્સ માનું છું.'

નિખાલસતાનુ સૌંદર્ય બાપુ ની તમામ કથા કે પ્રવચનમાં ઢબુરાયેલુ નથી. મધુર લાગેલો શબ્દ પ્રસાદ તેના મૂળ રચનાકાર કે સર્જક ના નામથી જ વેહેચે છે. વિનયની વિશાળતા આપના શરીખી શોધવી અઘરી છે. ટીકાકાર હોય એ વિચારભેદથી જુદ પડતા કોઈ વ્યક્તિ હોય તો પણ તેને અફાટ પ્રેમ કરવામાં જરાય કચાશ ન હોય. મિથ્યાભિમાની સાહિત્યકારોને પણ આપ હળવે હાથે ઉપાડીને તેને પ્રેમથી અભિભૂત કરતા રહ્યા છો .કોઈને નિરાશ કરવાનું બાપુના સ્વભાવમાં નથી .લાખોના પરિચય છતાં વ્યક્તિગત રીતે સૌ કોઈ ને નામથી જાણે છે. રાજનીતિ, સત્તા કારણથી પૂરતું અંતર જાળવવામાં તેમની તુલના થઈ શકે તેમ નથી. સામાન્ય માણસના ઘરે કે વાડીયે પોતે ભોજન લઈ લીધા ના અનેક દાખલા છે. માટે બાપુ ઝુપડા થી મેહેલ સુધીના સૌ કોઈને પોતીકા લાગે છે. કોઈ ધર્મ કે સંપ્રદાય નું ખંડન-મંડન ક્યારેય નહીં. હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ સૌ કોઈને તેઓમાં પોતાના ધર્મ ગુરુ દેખાતા રહ્યા છે ,ઈસ્લામધર્મી કાર્યક્રમોમાં તેમની ઉપસ્થિતિ એ સાંપ્રદાયિક સદભાવના નિર્માણમાં અન્યન ભાગ ભજવ્યો છે. સમગ્ર વિશ્વમાં માત્ર મોરારીબાપુ એક જ એવા સાધુ -સંત છે કે તેના ચરણમાં દસ રૂપિયા થી ૧૦ કરોડ સુધીની રકમ મુકવાની સવિવેક મનાઈ છે .સને૧૯૭૭ થી બાપુએ ભેટ-દક્ષિણા સ્વીકારવાનું બંધ કર્યું છે. તલગાજરડાના વિવિધ પ્રકલ્પો યજમાનો પાર પાડે છે. ચિત્રકૂટ ધામ માત્ર મધ્યસ્થી કરે છે.

તલગાજરડા પર બાપુનુ અપાર હેત છે. માટે તેમનું નિવાસસ્થાન પણ આજ ગામમાં છે ગામની અનેક સેવાઓ બાપુએ પોતીકી ગણીને કરી છે .જ્યારે બાપુની તલગાજરડા ઉપસ્થિતિ હોય ત્યારે સવારે ૯: ૩૦ કલાકે અને સાંજે ૫: ૦૦ કલાકે ચિત્રકૂટધામમાં સૌ કોઈ સરળતાથી તેમને મળી શકે છે. પ્રસાદિક ચીજ-વસ્તુઓથી રોજ અનેક દર્શનાર્થીઓ ભીંજાતા રહે છે.

શિક્ષણ ,સાહિત્ય, લોકસંગીત, કલાજગત સહિતના બાર જેટલા એવોર્ડ પ્રસાદ તલગાજરડા દર વર્ષે સમાજને પીરસે છે. પરંતુ તેના ચયન કે પદ્ધતિમાં બાપુ ક્યાંય નથી. દરેકનું એક સ્વતંત્ર માળખું છે .કલા કે કલમથી ઓછા જાણીતા લોક કલાકારોને બાપુએ વૈશ્વિક મંચ પૂરો પાડ્યો છે .ભવાઈ કે નટ કલાને જીવંત રાખવાની તેમની નેમ નમનપાત્ર છે .સંવાદ, સમારોહ માટે બાપુનુ આંગણું કાયમ ઉઘાડું રહે છે .

ટ્રુથ ,લવ, કોમ્પનશેશન ના આ સદગુરુને ચાહનારા ની સંખ્યા આકાશી સિતારાઓથી અધિક છે સૌને વહાલ,સૌનો સ્વીકાર નુ દરિયાદિલ સૌને પોતાનુંતથા સુગંધિત અનુભવાયું છે બાપુનો પારસ-સ્પર્શ પામનાર જાણે 'આબરૂ 'ફિલ્મનું ગીત ગણગણતો હોય.

**'જીન્હે હમ ભુલના ચાહે હો અકસર યાદ આતે હૈ'**

**શિવરાત્રીના મંગલ દિને પૂજ્યશ્રીને ભાવવંદના...**

**- તખુભાઈ સાંડસુર**

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજ દ્વારા સામાજિક જવાબદારી દિવસની ઉજવણી

ગાંધીનગર,તા. ૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ) નાં ૪૦ વિદ્યાર્થીઓ આજ ની સેવાકીય પ્રવૃત્તિઓ માં જોડાયા હતા આજે ''સર્વત્ર સંચાલન'' નું અમલીકરણ વાસ્તવિકતા માં કરી રહ્યા છે. શહેર રાજ્ય તેમજ દેશની જ્વલંત સમસ્યાઓ પાણી નો બગાડ,વીજળી નો દુર્વ્યય, વૃક્ષારોપણ થી પર્યાવરણ ની જાળવણી જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિ કોલેજ અભ્યાસ ની સાથે-



સાથે કરી અને સમાજ સામે દીવાદાંડી રૂપ ઉદાહરણ પૂરું પાડે છે. અને ઉમદા સંચાલન તેમજ યોગ્ય વહીવટ થકી તમામ સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય છે. તેવો વિશ્વાસ વિદ્યાર્થીઓ દ્વારા આજની પ્રવૃત્તિ સાથે વ્યક્ત કરવામાં આવ્યો હતો. બી બી એ કોલેજ નાં યુવા વિદ્યાર્થી દ્વારા પોતાના હાથ ખર્ચ માંથી રૂપિયા બચાવી ને સ્વફાળા માંથી અંધશાળા માં અભ્યાસ ઉપયોગી ચીજ વસ્તુઓ તેમજ વિદ્યાર્થીઓ માટે ખાધ ચીજો નું વિતરણ કર્યું હતું. અંધશાળા માં કુલ ૪૫ દીવાય્ન્ગ વિદ્યાર્થીઓ વિવિધ વર્ગ માં અભ્યાસ કરે છે. જેઓ ણા માટે કોલેજ ના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓ કરી તેમને પ્રફુલિત કર્યા હતા.જ્યાં તેઓએ વિદ્યાર્થીઓસાથે રહી ખુશનુમા વાતવરણ સર્જી દીધું હતું. તેમજ વિદ્યાર્થીઓ ને ને આરોગ્યપ્રદ અલ્પાહાર કરાવ્યો હતો. તેમજ તેઓનાં માટે એક સુંદર સંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાથી તેઓનાં જીવન માં ઉમંગ પ્રસરે તે માટે વિદ્યાર્થીઓ ઉમદા પ્રવૃત્તિ કરી હતી.

કાર્યક્રમ ની પ્રેરણા કોલેજ નાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓ ને મળી હતી. પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના એ સમગ્ર કાર્યક્મો નું સંકલન કર્યું હતું. જેમાં અંધશાળા કોલેજ નાં ધર્મેન્દ્ર રાઠોડ, પ્રો. આશિષ ભુવાપ્રો.પ્રીતેશ સોલંકી,પ્રો.જાનકી દવે દ્વારા સ્કાર્યક્મ માટે વિદ્યાર્થીઓ ને ઉત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ ડો. જયેશ તન્ના તેમજ સમગ્ર કોલેજ પરીવાર દ્વારા સંપન્ન કરવા માં આવ્યો હતો.